જે જે સી - વસઈ

(જૈન જાગૃતિ સેન્ટર-વસઈ)

એ/૩, ૧ લે માળે, શૈલેષ એપાર્ટમેન્ટ, આનંદ નગર, વસઈ રોડ (વેસ્ટ) - ૪૦૧ ૨૦૨.

દ્વારા આયોજીત બીજી પરમ પાવનકારી

સમેત શિખરજી મહાયાત્રા

દિવસ ૧૧ - તા. ૦૭.૧૧.૨૦૧૯ થી તા. ૧૭.૧૧.૨૦૧૯

શિખરજી - ઋજુવાલિકા - લચ્છવાડ - ગુણીયાજી - રાજગૃહી - કુંડલપુર - કાકંદી - પાવાપુરી - ગયાજી



૧૫૦ યાત્રીકો... વહેલા તે પહેલાના ધોરણે

: પ્રવાસ ખર્ચ :
રૂ. ૯,૯૯૯/- સ્લીપર કોચ
રૂમમાં ૪-૫ વ્યક્તિનો સમાવેશ

નામ નોંધાવવા માટે સંપર્ક

J. C. CENTRAL BOARD
INWARD NO.: 8161
CHAIRMAN:-
SEC. GENERAL/SECRETARY
DATE 13/11/2019.

પ્રમુખ
રાજેશ એચ. સરવૈયા
મો. ૯૩૨૬૪૬૯૮૩૭

ઉપ પ્રમુખ
સુરેન્દ્ર જી. શાહ
મો. ૯૩૨૧૧૬૦૪૭૮

સેક્રટરી
ધર્મેશ સી. ટીંબડિયા
મો. ૯૮૨૨૧૪૮૨૦૦

ખજાનચી
વિજય એન. શાહ
મો. ૯૪૨૩૦૮૨૦૫૯

કમીટી મેમ્બર

કીરીટ જી. ચોવટીયા મો. ૯૩૨૩૮૫૫૧૭૧
વિજય વી. કોઠારી મો. ૯૭૬૯૪૮૫૯૫૨
પ્રતિક એસ. શાહ મો. ૯૦૪૯૦૦૭૫૬૭
પ્રગ્નેશ જે. કપાસી મો. ૭૮૭૫૫૧૮૯૯૯
નીરવ એસ. અજમેરા મો. ૯૮૯૦૪૨૧૦૦૭

સાંજે : બિસ્કીટ ભાખરી, ૨ શાક, બિરયાની, રોટલી, પાપડ, કચુંબર, ગાંઠીયા, છાશ

એમ કહેવાય છે કે કળિયુગમાં સુખ અને દુઃખ, યાતનાઓ અને સુવિધાઓ, સફળતા અને નિષ્ફળતા એકમેકની સાથે જ ચાલતા રહે છે. જન્મ અને મૃત્યુના ચક્વ્યુહ માં અટવાયેલો જીવ મોક્ષ માર્ગ તરફ ગતિ તો કરવા ઈચ્છતો હોય છે. પરંતુ સંસાર સાગરના ઉછળતાં મોજાંઓની વચ્ચે તે અટવાઈ જાય છે.

શાસ્ત્રોમાં એમ પણ કહેવાયું છે કે ચોર્યાસી લાખ યોનીઓમાંથી ફરતાં ફરતાં જે જીવના કર્મોનો ઉદય થાય છે તે જીવને માનવ દેહ ધારણ કરવાનું ભાગ્ય પ્રાપ્ત થાય છે અને એમાં પણ જયારે જૈન પરિવારમાં અવતરજ્ઞ થાય ત્યારે તો સૌભાગ્ય જ કહી શકાય !

જીવ તની મતિને અનુસાર કર્મો કરતા કરતા સૃષ્ટિ ઉપર ચિરતો રહે છે અને કર્મો આધિન તેના ભાગ્યનું ઘડતર થાય છે. આપણે જો ઈચ્છીએ તો કર્મોનો સંચય કરીને ભવસાગર પાર કરી શકીએ છીએ. જૈન ધર્મનું આચરણ કરતાં કરતાં આપણે મોક્ષ પ્રાપ્તિ તરફ સહજતાથી આગળ વધી શકીએ.

જો આપણે કર્મો અને ધર્મની સમતુલા જાળવી શકીએ તો નિશ્ચિતપણે આપણા જીવનમાં અને પરિવારમાં સુખ, સમૃધ્ધિ અને ક્ષમતાનો અનુભવ કરી શકીએ.

જેમના જીવનમાં ધર્મયાત્રાનો યોગ હોય છે તેઓ ભાગ્યશાળી છે. ભારતભૂમિ પર અનેક તીર્થસ્થાનો આવેલા છે કે જયાં આપણાં તીર્થંકરોએ ધર્મની ધજા લહેરાવી હતી. જે જે ભૂમિ પર તેઓ વિચરતા હતાં તે ભૂમિ પર જવા માત્રથી આપણા પાપકર્મોની નિર્જરા થઈ શકે છે. સહપરિવાર તીર્થયાત્રા કરવાથી જે પુણ્ય પ્રાપ્તિ થાય છે તે પ્રભુકૃપા હોય તોજ શકય બને છે.

વસઈ સેન્ટર તરફથી, જાન્યુઆરી ૨૦૧૬ માં પ્રથમ વાર પરમ પાવન શિખરજી મહાયાત્રા નું આયોજન કરવામાં આવેલ જેમા ૧૦૮ યાત્રિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. આ પવિત્ર યાત્રામાં સમૂહમાં જવાથી એક અલૌકિક વાતાવરણ નિર્માણ થાય છે અને સગવડતા ઓ ભર્યો શિસ્તબધ્ધ પ્રવાસ, યાત્રીકો માટે દરેક પ્રકારની ચીવટભરી વ્યવસ્થા તથા સેન્ટરના કારોબારી સભ્યો દ્વારા લેવાતી કાળજી થકી યાત્રિકો વિશેષ શાતા અનુભવેલ.

સેન્ટરના આશય એ છે કે આપણા સભ્યો તથા તેમના પરિવારજનો અને સગાં-સ્નેહીઓ અતિ પાવન એવી આ યાત્રામાં સહભાગી થઈને પુણ્યનું ભાથુ પોતાની સાથે બાંધી શકે. આમ કર્મ અને ધર્મનો સરવાળો કરીને સહજતાથી મોક્ષ માર્ગે આત્માનો ઉધ્ધાર કરવા આગળ વધી શકે.

આ પરિપત્ર દ્વારા સહુંકોઈને અપીલ કરીએ છીએ કે સમયસર આપનું નામ નોંધાવી લેશો કે જેથી નિરાશ ન થવું પડે.

એજ લી...

પ્રમુખ તથા કારોબારી સભ્યોના **જય જીનેન્દ્ર**

"ભોમિયા દાદાને ભાવપૂર્વક નમસ્કાર"

જે જે સી વસઈ

(જૈન જાગૃતી સેન્ટર)

A/3, 1ST FLOOR, SHAILESH CHS LTD, ANAND NAGAR, NAVGHAR, VASAI ROAD (WEST) - 401 202.

મેનુ

શુક્રવાર - ૮/૧૧/૧૯

સવારે : ટ્રેઈનમાં : ફાફડા, સુખડી, કચોરી ચેવડો, ખાખરા, ચા, કોફી,
બપોરે : પાર્સલ: પરોઠા, ૨ શાક, ૧ મીઠાઈ, ખમણ, જીરા રાઈસ, દાળફાય, છાશ
સાંજે : થેપલા, અમુલ દહીં, ચેવડો, કાજુ-કસાટા (૧ પીસ), આચાર, સુકો સંભાર

શનિવાર - ૯/૧૧/૧૯

સવારે : ખજૂર પાક, મગ, ખાખરા, મસાલાપુરી, વટાણા, પૌવા, ભાવનગરી ગાઠીયા, મરચા, સુકો સંભાર, ચા, કોફી
બપોરે : પૂરણ પોળી, સાદી રોટલી, દહીં વડા, ખાંડવી, ૨ શાક, દાળ ભાત, પાપડ, આચાર, કચુંબર
સાંજે : રગડા પેટીસ, સેવ, પરોઠા, ૧ શાક, પુલાવ, કઢી, તીખી-મીઠી ચટણી, આચાર, પાપડ

રવિવાર - ૧૦/૧૧/૧૯

પહાડ ઉપર : રાબ, ચા,
બપોરે : ચુરમાના લાડુ, મીક્સ ભજીયા, પુરી, ૧ શાક, દાળ, ભાત, આચાર
સાંજે : બાજરાના રોટલા / પરોઠા, ૧ શાક દુધીનો ઓળો, ખીચડી, કઢી, ગોળ, ખીચીયા પાપડ, આચાર
રાત્રે : મસાલા દુધ

સોમવાર - ૧૧/૧૧/૧૯

સવારે : ગુંદરપાક, ચંપાકલી ગાઠીયા, ઉપમા, ચટણી, મગ, મસાલા પુરી, ખાખરા, ચા, કોફી, સુકો સંભાર
બપોરે : મગદાળ નો શીરો, રસીયા ખમણ / અમેરીકન રોલ, પુરી, પરોઠા, ૨ શાક, દાળ, ભાત, પાપડ, આચાર, કચુંબર
સાંજે : દુધીના મુઠીયા, પરોઠા, ૨ શાક, ઓસામણ, દાળ, ભાત, છાશ, પાપડ, ગોળ

મંગળવાર - ૧૨/૧૧/૧૯

સવારે : જલેબી, ગાઠીયા, ઈડલી, મેંદુવડા, સંભાર, ચટણી, ખાટા-મીઠા ખાખરા, મરચા, સુકો સંભાર
બપોરે : દુધપાક, ગુલાબજાંબુ, પુરી, પરોઠા, ખમણ, ઢોકળા, કેળા, કોફતા, ૧ શાક, દાળ, ભાત, પાપડ, આચાર
સાંજે : મિક્સ ભેળ, પરોઠા, ૨ શાક, જીરા રાઈસ, દાળફાય, આચાર, પાપડ

બુધવાર - ૧૩/૧૧/૧૯

સવારે : અડદિયા પાક, મગ, ખાખરા મસાલા પૂરી, કેળાવડા, તીખી સેવ, સુકો સંભાર, તીખી-મીઠી ચટણી,
બપોરે : શ્રીખંડ, રબડી-માલપુઆ, બારસાડોલા-સેન્ડવીચ, ઢોકળા, પૂરી, પરોઠા, ૧ શાક, ૧ કઠોળ, દાળ, ભાત, પાપડ, આચાર
સાંજે : ઈડલી કરી, બિસ્કીટ ભાખરી, શાક, વધારેલી ખીચડી, કઢી, ગોળ, આચાર, પાપડ

ગુરૂવાર - ૧૪/૧૧/૧૯

સવારે : ટોપરા પાક, ઉત્તપા, ચટણી, મગ, પૂરી, બિસ્કીટ ખાખરા, ચોખાનું ખીચું, ચા, કોફી, સુકો સંભાર
બપોરે : ખીર, અમરતી, જૈન સમોસા, પનીર ચીલા, પૂરી, પરોઠા, ૧ શાક, કઠોળ, ભાત, પાપડ, કચુંબર, આચાર
સાંજે : દિલ્હી ચાટ, પરોઠા, શાક, બિરયાની, રાઈતું, પાપડ, કમ્બુંબર, ગોળ, છાશ

શુક્રવાર - ૧૫/૧૧/૧૯

સવારે : દુધીનો હલવો, મગ, મસાલા પૂરી, ખાખરા, સેવ ખમણી, તીખી સેવ, ચા, કોફી, સુકો સંભાર
બપોરે : બાસુંદી, ડ્રાયફ્રૂટ હલવો, કેળાવડા, સફેદ ઢોકળા, પૂરી, પરોઠા, ૧ શાક, ૧ કઠોળ, ભાત, પાપડ, આચાર, કચુંબર,
સાંજે : બિસ્કીટ ભાખરી, ૨ શાક, બિરયાની, રાઈતું, પાપડ, કચુંબર, ગોળ, છાશ

યાત્રા પ્રવાસની ઝલક તથા કાર્યક્રમ

દિવસ	તારીખ	વિગત
૧	૦૭-૧૧-૧૯	મુંબઈ સી.એસ.ટી. ૧૨૩૨૨ ડા. હાવડા મેલ વાયા અલ્હાબાદ દ્વારા રાત્રે ૨૧.૨૦ કલાકે શુભ પ્રારંભ
૨	૦૮-૧૧-૧૯	ટ્રેન - સફરનો આનંદ, ગપાગોષ્ટી, સહ યાત્રી સાથે પરિચય
૩	૦૯-૧૧-૧૯	પારસનાથ - સવારના આગમન, ટ્રેન છોડી, વાહન દ્વારા પ્રસ્થાન સવારના આગમન, તળેટીના જિનાલયોના દર્શન, સેવાપુજા, જૈન મ્યુઝિયમ - મધુબન જૈન મંદિરની મુલાકાત (સ્વખર્ચ) - રાત્રી મુકામ સમેત શિખરજી
૪	૧૦-૧૧-૧૯	વહેલી સવારે ૨૦ તિર્થંકર પરમાત્માની મોક્ષ કલ્યાણક ભૂમી ની મહાયાત્રા પ્રારંભ, નવકારશી, સ્નાન, સેવાપુજા, (જલમંદીર) પહાડ ઉપર મહાયાત્રા પૂર્ણ કરી પરત ભોજન રાત્રી મુકામ સમેત શિખરજી
૫	૧૧-૧૧-૧૯	સમેત શિખરજી થી સવારે સ્નાન, નવકારશી કર્યા બાદ, A/c. બસ માં ઋજુવાલિકા તરફ પ્રયાણ ઋજુવાલિકા શ્રી વીરપ્રભુજી ની કેવળજ્ઞાન ભૂમી ના દર્શન લચ્છવાડ તરફ પ્રયાણ લચ્છવાડ માં શ્રી વીરપ્રભુજી ના ૩ કલ્યાણક ના દર્શન પહાડ પર જીપ માં (સ્વખર્ચ), લચ્છવાડ થી રાજગૃહી તરફ પ્રયાણ રાત્રી મુકામ રાજગૃહી.
૬	૧૨-૧૧-૧૯	રાજગૃહીમાં સ્નાન નવકારશી બાદ શ્રી મુનિસુવ્રતસ્વામીના ૪ કલ્યાણક ૧ અને ૨ ની પહાડ યાત્રા, (સ્વખર્ચ) શ્રી અઈ મુત્તા, સ્કંદક, આદી મુનીઓની મોક્ષભૂમી શ્રી શાંતીનાથ સ્વામીની સમવસરલ ભુમી, શ્રી વીરપ્રભુજી ના ૧૨ ચાર્તુમાસની ભુમી, શ્રી વીરપ્રભુજીના ૧૧ ગણધરની મોક્ષભુમી, શેઠ ધન્ના, શાલીભદ્ર, પુલીયા શ્રાવક શ્રેણીક, અભયકુમાર, રોહિણ્યાચોરની સાધનાભૂમી સાથે રોપવે (સ્વખર્ચ) વિરાયત વગેરે... વગેરે...., રાત્રી મુકામ રાજગૃહી.
૭	૧૩-૧૧-૧૯	સવારે સ્નાન નવકારશી બાદ કુંડલપુર કુંડલપુર શ્રી ગૌતમસ્વામીની જન્મભુમી ત્યા પ્રાચીન વિશ્વ વિદ્યાલયના અવશેષ - કુંડલપુરથી ગુણીયાજી ગુણીયાજીમાં શ્રી ગૌતમસ્વામીની કેવળજ્ઞાન ભુમીના દર્શન - ગુણીયાજીથી કાકંદી કાકંદીમાં શ્રી સુવિધિનાથ સ્વામી ના ૪ કલ્યાણક દર્શન ત્યા પાવાપુરી તરફ પ્રયાણ
૮	૧૪-૧૧-૧૯	પાવાપુરી સવારે સ્નાન નવકારશી સેવાપુજા બાદ શ્રી વીરપ્રભુજી ના શાસન સ્થાપનાની, મોક્ષ કલયાણક ભુમી જલમંદીર સમવસરણ દર્શન રાત્રે ભાવના દર્શન, રાત્રી મુકામ પાવાપુરી
૯	૧૫-૧૧-૧૯	પાવાપુરીથી સવારે સ્નાન, નવકારશી સેવાપુજા બાદ ગયાજી તરફ પ્રયાણ ગયાજીમાં બૌધગયા મંદીર, ગયાજીથી ભોજનબાદ રાજેન્દ્રનગર રેલ્વે સ્ટેશન તરફ પ્રયાણ રાત્રે ૧૧.૫૫ કલાકે ટ્રેન ૧૩૨૦૧ માં ઘર તરફ પ્રયાણ
૧૦	૧૬-૧૧-૧૯	દિવસ રાત્રી ટ્રેન સફર - મહાયાત્રાની યાદ સાથે ગપ્પા ગોષ્ટી.....
૧૧	૧૭-૧૧-૧૯	સવારે ૧૦.૪૦ કલાકે થાણા રેલ્વે સ્ટેશન આગમન સવારે ૧૧.૩૦ કલાકે કુર્લા ટર્મિલ આગમન

"મહા યાત્રા સમાપ્ત"

યાત્રીકો માટે અગત્યનું

- આ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાનું બુકિંગ ૮ મહિના પહેલા કરાવવું પડે છે, એટલે વહેલા નામ નોંધાવવા વિનંતી.
- ટ્રેન ઉપડવાના ૧ કલાક પહેલા સી.એસ.ટી. સ્ટેશન પર પહોંચવું આવશ્યક છે.
- દરેક યાત્રિકને આઈ-કાર્ડ આપવામાં આવશે, જે યાત્રા દરમ્યાન સાથે રાખવાનું રહેશે, જેથી ઓળખાણ કાયમ રહે.
- યાત્રિકોએ કિમતી વસ્તુ સાથે લાવવી નહી, આપના જોખમની સંભાળ પોતે રાખવાની રહેશે.
- દરેક યાત્રિકે સાથે લાવવા માટે ગરમ કપડાં, અંગત દવાઓ, ચાદર, સેવાપૂજાની સામગ્રી, તાળું, સાંકળ, વિગરે સાથે લાવવું જરૂરી છે.
- ગરમ પાણી વાપરનારાએ પોતાની વોટરબેગ સાથે રાખવી.
- ગમશે, ફાવશે, ભાવશે, ચાલશે આ સુત્રને ધ્યાનમાં રાખીને યાત્રા પ્રવાસમાં જોડાવવા વિનંતી.
- ટિકીટ માટે ઓરીજનલ (ફોટો આઈડી પ્રુફ) ૨ ઝેરોક્ષ કોપી સાથે રાખવી જરૂરી છે.

વ્યવસ્થા યાત્રા પ્રવાસ માં સામેલ છે.

- યાત્રા પહેલા યાત્રીકો માટે ગેટ-ટુ-ગેધર જમણવાર સાથે શક્ય હશે તો.
- દરેક યાત્રીક માટે ટ્રાવેલીંગ કીટ
- રેલ્વે પ્રવાસ સ્લીપર કલાસમાં રહેશે. ટ્રેન પ્રવાસ દરમ્યાન ફુડ બોક્સ ઉપલબ્ધ.
- સામાન ઉચકવાની વ્યવસ્થા રાખેલ છે.
- પારસનાથ થી સમેત શિખરજી સાદી બસ-જીપ વગેરે રહેશે.
- સમેત શિખરજી થી A/c. બસ માં પ્રવાસ રહેશે.
- ધર્મશાળામાં ૪-૫ વ્યક્તિદીઠ રૂમ આપવામાં આવશે.
- વહેલી સવારે ચા બાદ ગરમ નાસ્તો (અલગ અલગ) ખાખરા, ગાંઠીયા, મગ, ચા, કોફી, દુધ, કોમન રહેશે.
- દરેક સ્થળે મીનરલ જારનું પાણી રહેશે.
- લંચ - ૧ મીઠાઈ, ૨ ફરસાણ, ૧ શાક, સાથે ભોજન રહેશે.
- બપોરે - ચા, કોફી હળવો નાસ્તો રહેશે.
- ડીનર - સ્વાદીષ્ટ સાદુ ભોજન અલગ અલગ રહેશે.

।। શ્રી ગણેશાય નમઃ ।।
ભોમિયા દાદાને ભાવપૂર્વક નમસ્કાર
SINCE 1979
Saral
દિવસ ૧૧
Tour n Travels
9, Jain Deraserwadi, (Anand Road),
Opp. Rly. Station, Malad (W), Mumbai - 400 064.
CHANDUBHAI SHETH
Ph.: (Off.) 28808991
Mob.: 9320045814, 7738682000
શુભ પ્રયાણ : રવિવાર, ૦૭.૧૧.૨૦૧૯
પ્રવાસ ખર્ચ : રૂા. ૯,૯૯૯/-
ચાલો જૈન જાગૃતીના સથવારે ગુલાબી ઠંડીમાં
શિખરજી • ઋજુવાલિકા • લચ્છવાડ
• ગુણીયાજી • રાજગૃહી • કુંડલપુર
• કાકંદી • પાવાપુરી • ગયાજી